# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય
## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૧-૫-૨૦૧૨**

ગુજરાતના સ્થાપના દિવસે કેન્દ્રની યુ.પી.એ. સરકારની નર્મદા પરના ચાર માર્ગીય બ્રિજ તેમજ છ માર્ગીય એપ્રોચની ૫૫૦ કરોડ રૂપિયાની યોજનાની ભેટ કેન્દ્ર સરકાર દ્વારા ભરૂચ ખાતેના નેશનલ હાઈવે નં.૮ ઉપરના નર્મદા બ્રિજ ઉપર ટ્રાફિક જામ થાય છે તેની સમસ્યાને દૂર કરવા ચાર માર્ગીય નવા બ્રિજ અને છ માર્ગીય રસ્તાઓ માટેનું ભૂમિપૂજન કેન્દ્રના માર્ગ પરિવહન અને નેશનલ હાઈવેઝના મંત્રીશ્રી સી.પી. જોષીના હસ્તે કરવામાં આવ્યું. સમગ્ર ગુજરાતને દક્ષિણ ગુજરાત તેમજ દક્ષિણ ભારત સાથે જોડતા નેશનલ હાઈવે નં. ૮ પર ભરૂચ ખાતે ટ્રાફીકની સમસ્યા ઘણાં વર્ષોથી પેદા થાય છે. રાષ્ટ્રીય નેતા અને રાજ્ય સભાના સભ્યશ્રી માન.શ્રી અહમદભાઈ પટેલના પ્રયત્નોથી કેન્દ્રની કોંગ્રેસની આગેવાનીવાળી યુ.પી.એ. સરકારે નર્મદા નદી પર ભરૂચ ખાતે ચાર માર્ગીય બ્રિજ અને છ માર્ગીય રસ્તાને મંજૂર કરેલો છે.

ભૂમિપૂજનના કાર્યક્રમ પ્રસંગે બોલતાં કેન્દ્રના માર્ગ પરિવહન અને નેશનલ હાઈવેઝ વિભાગના મંત્રીશ્રી સી.પી.જોષીએ જણાવ્યું હતું કે, રૂપિયા ૫૦૯.૨૯ કરોડના ખર્ચે ચાર માર્ગીય બ્રિજ અને છ માર્ગીય રસ્તાનું નિર્માણ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવશે. નર્મદા નદી પરનો જૂનો બ્રિજ કે જે રાજ્ય સરકાર હસ્તક છે અને તે જર્જરીત થયેલો હોઈ તેના પર મોટા વાહનોની અવર-જવર થઈ શકતી નથી. આ બ્રિજને રીપેર કરવા માટે ખાસ કિસ્સા તરીકે રૂપિયા ૪૦ કરોડ ૫૦ લાખ ભારત સરકારે ગુજરાત સરકારને આપવાનો નિર્ણય કર્યો છે. શ્રી જોષીએ જણાવ્યું હતું કે, બંધારણીય જોગવાઈ મુજબ જે રાજ્ય જેટલો ટેક્ષ ભરતું હોય તેના પ્રમાણમાં ટકાવારી કે જે તટસ્થ નાણાં પંચ નક્કી કરતું હોય તે તો દરેક રાજ્યને મળે જ, પરંતુ કેન્દ્રની યુ.પી.એ. સરકારે નવી-નવી યોજનાઓના ભાગરૂપે ટેક્ષની ટકાવારી ઉપરાંત પણ રાજ્યો માટે નાણાં ફાળવવાની નીતિ સુદ્રઢ બનાવી છે. ક્યા રાજ્યમાં ક્યા પક્ષની સરકાર છે તે જોયા વગર દરેક રાજ્યોને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. ભૂતકાળમાં ભાજપની આગેવાનીવાળી એન.ડી.એ.ની સરકાર કરતાં ગુજરાતને ચારથી પાંચ ગણાં વધારે નાણાં કેન્દ્રમાંથી પ્રાપ્ત થાય છે. ગુજરાતમાં આજ સુધીના ઈતિહાસમાં ન મંજૂર થયા હોય તેટલા નેશનલ હાઈવેના રસ્તાઓ કેન્દ્ર સરકારે મંજૂર કર્યા છે. ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલના મુદ્દાને સમર્થન આપતાં શ્રી જોષીએ જણાવ્યું હતું કે, સમગ્ર સૌરાષ્ટ્રના કોસ્ટલ રસ્તાઓ માટે ખાસ યોજના કેન્દ્ર સરકારે સૈદ્ધાંતિક રીતે સ્વીકારી છે અને ટૂંક સમયમાં તે કામોનું આયોજન પણ મુર્તિમંત થશે.

કેન્દ્ર સરકારના નેશનલ હાઈવેના રાજ્ય મંત્રીશ્રી તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, માન. શ્રી અહમદભાઈ પટેલના ખાસ આગ્રહના કારણે ખાસ કિસ્સા તરીકે ભરૂચના બ્રિજ પરના ટ્રાફિકને નિયંત્રિત કરવા ૪૦ માણસોનો સતત પગાર કેન્દ્ર સરકાર ઉઠાવી રહી છે. ખરેખર આ જવાબદારી અમારી ન હોવા છતાં ગુજરાતના લોકોને ઓછી મુશ્કેલી પડે તે માટે આ ખર્ચ ભારત સરકાર ઉઠાવી રહી છે. આ પ્રસંગે બોલતાં કેન્દ્રીય મંત્રીશ્રી ભરતભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાતનો વિકાસ આજકાલથી નહીં, પરંતુ વર્ષોથી અગ્રેસર રહ્યો છે. વિકાસની સાથે સમતુલિતતા અને આમ આદમીને જોડવાની ચિંતા ગુજરાતની સરકારે કરવી જોઈએ. ગુજરાતના વિકાસ અને હિત માટે કેન્દ્રમાંથી મહત્તમ મદદ ગુજરાતને મળે તે માટે માન.

શ્રી અહમદભાઈનું માર્ગદર્શન અને વગ ઉપયોગી રહ્યા છે. કેન્દ્રીય મંત્રીશ્રી દિનશાભાઈ પટેલે ગુજરાતમાં ભૂતકાળમાં સમતુલિત વિકાસ માટે અને આમ આદમી માટે સરકાર દ્વારા થયેલાં પ્રયત્નોની વિગતો આપી હતી. પક્ષાપક્ષીથી પર રહીને સૌને ગુજરાતના વિકાસમાં સહિયારો પુરુષાર્થ કરવા અનુરોધ કર્યો હતો.

કેન્દ્ર સરકારના કરોડો રૂપિયા જે પ્રોજેક્ટ પાછળ ખર્ચાવાના છે તેના ભૂમિપૂજનની વિધિમાં પ્રજાની તિજોરીમાંથી ખોટા ખર્ચા ન થાય તેની ચિંતા રાખવામાં આવી હતી. સાદગીપૂર્ણ સમારંભમાં પ્રજાના તમામ પ્રતિનિધિઓને રાજકીય પક્ષાપક્ષીથી પર સ્થાન અને માન કેન્દ્ર સરકારે આપ્યું હતું. કેન્દ્ર સરકારના આ કાર્યક્રમમાં ભાજપના મંત્રીશ્રીઓ, ભાજપના સંસદસભ્યશ્રીઓને પણ પુરતા માન-પાન સાથે નિમંત્રણ કાર્ડ, ભૂમિપૂજનની તક્તી અને મંચ પર સ્થાન આપવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર આયોજિત આ કાર્યક્રમમાં ભાજપના સંસદસભ્યો અને ભાજપના મંત્રીશ્રીઓને પણ ભાષણની પૂરતી તક આપવામાં આવી હતી. આ બાબતનો ઉલ્લેખ કરતાં વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, લોકશાહીમાં સરકારી કાર્યક્રમ એ રાજકીય કાર્યક્રમ કે વ્યક્તિલક્ષી કાર્યક્રમને બદલે સાચા અર્થમાં સરકારી કાર્યક્રમનું આયોજન શ્રી સી.પી.જોષીએ કર્યું હતું. ગુજરાતની સરકાર સાદગી અને સૌને સાથે રાખીને સરકારી કાર્યક્રમો યોજવાનું આ કાર્યક્રમથી શીખે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. ગુજરાતની સ્થાપના સમયે મહાગુજરાતની લડતના પ્રણેતા શ્રી રવિશંકર મહારાજને યાદ કરીને શ્રી શક્તિસિંહે જણાવ્યું હતું કે, પ્રજાની તિજોરીનો એક પણ રૂપિયો કોઈ વ્યક્તિની પ્રસિદ્ધિ પાછળ કે બિનજરૂરી પ્રચાર પાછળ ન ખર્ચાય તે ભાવના તા. ૧લી મે, ૧૯૬૦ના રોજ રવિશંકર મહારાજે વ્યક્ત કરી હતી. રવિશંકર મહારાજજીની કલ્પના મુજબ જાહેર જીવનના લોકો વર્તે તે જ સાચી સ્થાપના દિનની ઉજવણી ગણાય. આ બ્રિજના સમગ્ર કામને મંજૂર કરાવવામાં ગુજરાતના પનોતા પુત્ર શ્રી અહમદભાઈ પટેલનો મુખ્ય ફાળો રહેલો છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા માટે જયારે તેમને આગ્રહ કરવામાં આવ્યો ત્યારે તેઓએ કહ્યું હતું કે, મારે ઉપસ્થિત રહીને ક્રેડીટ લેવી નથી, મેં જે કર્યું છે તે મારી ફરજનો એક ભાગ છે. ઉંટ પણ મરે તો મારવાડ સામું જુએ, તો પછી ભરૂચ કે ગુજરાત માટે હું જે કાંઈ કરું તેની ક્રેડીટ મારાથી ન લેવાય.

આ પ્રસંગે રાજ્યના બાંધકામ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કેન્દ્ર સરકાર દ્વારા મળેલી માતબર રકમને આવકારી હતી. રાજ્યના વિકાસની વિગતો પણ શ્રીમતી આનંદીબેન પટેલે આપી હતી. આ પ્રસંગે ભાજપ તથા કોંગ્રેસના સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ વરિષ્ઠ આગેવાનો અને વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી હતી.

વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે ગુજરાતના પનોતાપુત્ર માન. શ્રી અહમદભાઈ પટેલનો ખાસ આભાર માન્યો હતો.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(અશ્વિન સિકલીગર)**

અંગત સચિવ